# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-07-2025 Day: Friday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ : સ્વચ્છ સર્વેક્ષણ 2024-25 પુરસ્કારો

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં સ્વચ્છ સર્વેક્ષણ 2024-25 પુરસ્કારો એનાયત કર્યા હતા. આ પ્રસંગે શ્રીમતી મુર્મુએ ભાર મૂક્યો હતો કે સ્વચ્છતા એ વિકસિત ભારત 2047 વિઝનના સૌથી મહત્વપૂર્ણ પાસાઓમાંનું એક છે. તેમણે દેશવાસીઓને દેશને સ્વચ્છ, સ્વસ્થ અને વિકસિત બનાવવા માટે આગળ વધવા અપીલ કરી હતી.**

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઈકાલે સ્વચ્છ સર્વેક્ષણ 202425 પુરસ્કારો એનાયત કર્યા. જેમાં સ્વચ્છ શહેરોની અલગ અલગ પાંચ શ્રેણીમાં 10 લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં રાજ્યનું અમદાવાદ પ્રથમ ક્રમે રહ્યું છે.**

**કેન્દ્ર સરકારના વાર્ષિક સ્વચ્છતા સર્વેક્ષણમાં સુરતે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. 10 લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં સુપર સ્વચ્છ લીગમાં સુરત શહેર દેશભરમાં બીજા ક્રમે રહ્યું છે.**

**સ્વચ્છ સર્વેક્ષણ પુરસ્કાર 2024-25માં 3 થી 10 લાખની વસ્તી ધરાવતા શહેરમાંથી સુપર સ્વચ્છ લીગ કેટેગરીમાં ગાંધીનગરને પણ સ્થાન મળ્યંર છે. જ્યારે સ્વચ્છતાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કાર્ય બદલ વડોદરા અને કેન્દ્રશાસિત પ્રદેશ દમણને સ્વચ્છ સર્વેક્ષણ પુરસ્કારો 2025 હેઠળ "ઉભરતું સ્વચ્છ શહેર" તરીકે સન્માનિત કરવામાં આવ્યું છે.**

---

## ગુજરાત માધ્યમિક –ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ – પૂરક પરીક્ષા પરિણામ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ **-12** સમાન્ય પ્રવાહમાં જૂન-જુલાઇ **2025** પૂરક પરીક્ષાનું **51.58** ટકા પરિણામ આવ્યું છે. પરીક્ષા માટે **40** હજાર **865** પરીક્ષાર્થીઓ નોંધાયા હતા. જેમાં **33** હજાર **731** વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. તે પૈકી **17** હજાર **397** પરીક્ષાર્થીઓ પ્રમાણપત્ર મેળવવાને પાત્ર થાય છે.

ઉપરાંત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ જૂન-જુલાઇ **2025** માં યોજાયેલ ધોરણ **10** અને સંસ્કૃત પ્રથમાની પૂરક પરીક્ષાનું પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઇટ પર આજે સવારે **9** વાગ્યે જાહેર કરાશે.

---------------------------------------------------------------------------------------------------

## કોંગ્રેસના નેતા અમિત ચાવડાની કોંગ્રેસ પ્રમુખ તરીકે વરણી

કોંગ્રેસ નેતા અમિત ચાવડાને ગુજરાત કોંગ્રેસ પ્રદેશના પ્રમુખ બનાવવામાં આવ્યા છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર તુષાર ચૌધરીને ગુજરાત વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા બનાવવામાં આવ્યા છે.

---------------------------------------------------------------------------------------------------

## કચ્છના ક્ષતિગ્રસ્ત રોડ રસ્તા મરમત કામગીરી

રાજ્ય સરકારની સૂચના અન્વયે કચ્છ જિલ્લામાં વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા રોડ રસ્તાઓના રીપેરીંગની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. કચ્છના માર્ગ અને મકાન વિભાગ દ્વારા તબક્કાવાર રીતે વિવિધ રોડનં્ સમારકામ કરીને રસ્તાઓને પરિવહન માટે સુગમ બનાવવામાં આવી રહ્યા છે. કચ્છના અંજાર શહેરથી ભુજ તેમજ ગાંધીધામને જોડતા માર્ગ પર ભારે વરસાદથી ખાડાઓ પડ્યાં હતા. જોકે, માર્ગ અને મકાન વિભાગ રાજ્યની ટીમ દ્વારા અંજાર શહેરમાં રોડમાં ડામર પેચવર્કની કામગીરી કરવામાં આવી છે. ભુજ-અંજાર-ગાંધીધામ સ્ટેટ હાઈવે ઉપર તબક્કાવાર રીતે ડામર પેચવર્કની કામગીરી શરૂ કરાઈ છે.

---------------------------------------------------------------------------------------------------

## મુન્દ્રા તાલુકા બ્રિજ-પુલ પરથી ભારે વાહનો માટે જાહેરનામા

**રાજ્ય સરકારની સૂચના અન્વયે સમગ્ર રાજ્યમાં બ્રીજ અને પુલના ઈન્સ્પેક્શનની કામગીરી કરવામાં આવી રહી છે. કચ્છ જિલ્લામાં મુન્દ્રા તાલુકામાં બરાયા અને બાબીયા બ્રીજને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જાહેરનામું બહાર પાડીને ભારે વાહનો માટે બંધ કરવામાં આવ્યા છે. જોકે, માર્ગ અને મકાન વિભાગ દ્વારા વાહનચાલકોની સલામતીને ધ્યાને લઈને આ બંને બ્રીજ ઉપર હાઈટ બેરિયર લગાવવામાં આવ્યા છે. પ્રથમ તબક્કામાં બરાયા બ્રીજ અને હાલમાં બાબીયા બ્રીજ ઉપર હાઈટ બેરિયર ઈન્સ્ટોલ કરવાની કામગીરી પૂર્ણ કરાઈ છે. આ ઉપરાંત, માર્ગ અને મકાન વિભાગ દ્વારા ચેતવણી દર્શાવતા વિવિધ સાઈન બોર્ડ પણ લગાવવામાં આવ્યા છે.**

---

## જાહેરનામા

ભારે વરસાદની પરિસ્થિતિ બાદ ક્ષતિગ્રસ્ત થયેલા રોડ-રસ્તાઓની મરંમત કામગીરી કરાઇ રહી છે તો બીજી બાજુ કેટલાક જુના બ્રિજ પર ભારે વાહોનની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવાતા જાહેરનામું બહાર પાડવા કરાયેલી દરખાસ્તને પગલે ચિત્રોડ-રાપર-બાલાસ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર રાપર અને બાલાસર વચ્ચે આવેલ ખારી નદી પર આવેલ જુના મેજર બ્રિજ પરથી ભારે વાહનોની અવરજવર બંધ થવા તેમજ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા હુકમ કરાયો છે તેવી જ રીતે માંડવી-નલિયા-નારાયણ સરોવર રોડના લાયજા-બાયડ રોડ પર આવેલ માયનોર બ્રિજ તથા બાયડ-દેઢિયા રોડ પર ઓલ મેજર બ્રિજ પરથી ભારેથી અતિભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ ફરમાવાયો છે તેમજ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા હુકમ કરાયા છે.

---

## જિલ્લાના ડેમની સ્થિતિ

**કચ્છમાં જિ.પંચાયત સિંચાઈ વિભાગ હસ્તક નાની સિંચાઈ યોજનાના** 170 **ડેમ આવેલા છે. અત્યાર સુધી આ પૈકી ૫૩ ડેમ ઓવરફ્લો થયા છે, જે નાની સિંચાઈના કુલ ડેમના** 30 **ટકા થવા જાય છે.** રાપર, ભચાઉ અને અંજાર તાલુકામાં **એક પણ ડેમ ઓવરફલો થયો નથી. જિલ્લામાં** 44

**ડેમ એવા છે કે જેમાં પાણીનો જથ્થો સીલ લેવલ એટલે કે જીવંત જથ્થાની સપાટીથી નીચો છે. આ 44 પૈકી 32 ડેમ આ ત્રણ તાલુકામાં આવેલા છે. મુંદરામાં એક ડેમ છલકાયો છે. જિલ્લામાં માંડવીમાં અત્યાર સુધી સૌથી વધુ 16 ડેમ ઓવરફ્લો થઈ ગયા છે. હવે માત્ર પાંચ જ ડેમ છલકાવાના બાકી છે. અબડાસામાં 24 પૈકી અત્યાર સુધી 11 ડેમ ઓવરફ્લો થયા છે, જ્યારે નખત્રાણામાં 16 પૈકી 9 ડેમ ઓગની ચૂકયા છે. ભુજમાં 26 ડેમ છલકાવાના બાકી છે.**

---